# ગ્રામિણ કૃષિ મૌસમ સેવાનું ખેતીમાં મહત્વ

**શ્રી શ્રેયાંસ એન. ચૌધરી, ડો. જે. બી. ડોબરીયા,**
**શ્રી રાકેશ એસ. પટેલ, ડો. પ્રતિક પી. જાવિયા**
**શ્રી બિપીન એમ. વહનિયા, ડો. સાગર એ. પટેલ,**
**શ્રી પ્રદિપ સી. સાબળે**

**આબોહવા અને ખેતી :–**

પુરાતન વર્ષોથી ભારતીય ખેતી ફક્ત આબોહવા અને વરસાદ આધારીત છે. આબોહવા અને હવામાનની અનિશ્ચ્યતતાઓ એ દેશની અન્ન ઉત્પાદકતા માટેનો મુખ્ય પ્રશ્ન છે. આબોહવાની અત્યાંતિક્યાઓ જેવી કે પૂર, વાવાઝોડુ, કરાપડાવા, ચોમાસામાં વરસાદ વિનાના સુકા દિવસો, અનાવૃષ્ટિ, ગરમ અને ઠંડા તરંગો પવનો વગેરે અપૂરતા પાક ઉત્પાદન માટેના મુખ્ય કારણો છે. જમીન અને પાણી સીવાયના હવામાનના અન્ય પ્રાપ્ય સ્ત્રોતોનો યોગ્ય ઉપયોગ આબોહવાની અત્યાંતિકતાઓની વિપરીત અસરો ઓછી કરે છે અને સાનૂકૂળ હવામાને લાભદાયી બનાવે છે. હવામાન સેવાઓ દવારા વિશિષ્ટ સલાહો ખેડૂતોને પૂરી પાડવામાં આવે છે. જેનાથી અનુકૂળ હવામાનનો લાભ લઈ અને પ્રતિકુળ હવામાનની અવળી નુકશાનકારક અસરો ઓછી કરી શકય છે. જેના કારણે ખેત ઉત્પાદનમાં ચોખ્ખો તફાવત મેળવી શકાય છે.






**ખેતીને સંલગ્ન હવામાન સેવાઓ :–**

ખેડૂત સમાજને સીધી સેવાઓ પૂરી પાડવાના હેતુસર ભારતીય હવામાન પૂનાની રાહબરી હેઠળ સને ૧૯૩૨ માં કૃષિ હવામાન વિભાગની શરૂઆત કરવામાં આવી જેનો મુખ્ય ઉદ્દેશ આબોહવાની અત્યંકતાઓ અસર ઘટકો ઓછી કરી અને સાનુકુળ હવામાનની લાભ લઈ અને ખેતઉત્પાદનને વધારવાનો છે. )

**આ વિભાગની મુખ્ય પ્રવૃતિઓ આ પ્રમાણે છે.**

- તાંત્રિક મદદ
- સંશોધન અને વિકાસ
- સેવાઓ
- માનવ સંશોધન વિકાસ

**ભારતીય કૃષિ સેવા સલાહ સાથે સંકળાયેલ શાખાઓ :-**

- રાજ્ય કૃષિ યુનિવર્સિટીઓ.
- અખિલ ભારતીય કૃષિ સંશોધન (આઈસીએઆર) અને તેની સંશોધન શાખાઓ.
- ઈન્ડીયન ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી.
- રાજય અને વિભાગીય કૃષિ શાખાઓ.
- પ્રસાર ભારતી અને અન્ય માધ્યમો (રેડિયો,ટેલીવીઝન, અને છાપેલ માહીતી)

**કૃષિ આધારિત સેવા સલાહનો વિશાળ વર્ણપટઃ-**

- ચોમાસાની શરૂઆતના આધારે ચોમાસ પાકોની વાવણી/ફેરરોપણી.જમીનના સંગ્રહીત ભેજનો ઉપયોગ કરી શિયાળુ પાકની વાવણી.
- પવનની સ્થિતિને આધારે ખાતર પૂર્તિ.વરસાદની તીવ્રતાના આધારે ખાતર પૂર્તિ મોકુફ રાખવી કે મોડી કરવી.
- હવામાનને આધારે રોગ અને જીવાતના ઉપદ્રવની આગાહી/અનુમાનરોગ અને જીવાતને નાબૂદ કરવા યોગ્ય સમયે અવરોધક/રોગ અરોધક પગલા લેવા.
- પાકની વિકાસ અને વૃધ્ધિ માટે યોગ્ય સમયાંતરે નિંદામણ/છોડ આછાકરવા.
- યોગ્ય પાક અવસ્થાએ (ક્રીટીકલ સ્ટેજ) સિંચાઈ કરવી.



- હવામાનના અનુભવના આધારે યોગ્ય સમયે અને નિશ્ચિતસિંચાઈ કરવી સમયસર પાકની કાપણી માટે સલાહ.

**મધ્યમ સમયગાળાની હવામાન આગાહીને આધારિત જીલ્લા કક્ષાની હવામાન આધારિત કૃષિ સલાહઃ-**

ભારતીય કૃષિ હવામાન દ્વારા પહેલી જુન (૧,જુન) ૨૦૦૮ થી જીલ્લા કક્ષાએ (૬૧૨ જીલ્લાઓમાં) પાંચ દિવસ માટે પ્રમાણાત્મક હવામાન આગાહી કરવામાં આવે છે જેમાં હવામાનના ૭ ઘટકો જેવા કે, વરસાદ, મહતમ અને લઘુતમ તાપમાન, પવનની ગતી અને દિશા, ભેજના ટકા અને વાદળની સ્થિતિનો સમાવેશ કરવામાં આવે છે. તદઉપરાંત અઠવાડિક વરસાદની પણ આગાહી કરવામાં આવે છે. સંખ્યાબંધ મોડલ ધ્વારા ભારતમાંથી અને અન્ય દેશમાંથી મેળવેલ આગાહીનો મલ્ટી મોડેલ અને એસેમ્બલ ટેકનીકનો ઉપયોગ કરી ભારતીય હવામાન વિભાગ, નવી દિલ્હી ધ્વારા હવામાન આગાહી બનાવવામાં આવે છે. તેમાં NCMRFW ના T-25, મોડલ, ECMWE નાT-799 મોડલ, UKMO, NCEP અને અમેરિકા તથા જાપાનની હવામાન એજન્સીઓ (કાર્યાલય) સામેલ છે.

આ માહીતીને પ્રાદેશિક હવામાન વિભાગ તથા જુદાજુદા રાજયો સ્થિત ભારતીય હવામાન વિભાગના હવામાન કેન્દ્રોમાં પ્રસારિત કરવામાં આવે છે. આ કચેરીઓ ધ્વારા માહીતીમાં યોગ્ય ફેરફારો રકી ૧૩૦ કૃષિહવામાન કેન્દ્રો (AMFUS) માં પહોંચાડવામાં પ્રસારિત કરવામાં આવે છે.ડિસેમ્બર ૨૦૦૯થી હવામાન આધારિત કૃષિ સલાહ (અહેવાલ) તૈયાર કરી તેને પ્રકાશિત કરવામાં આવે છે

જીલ્લાકીય કૃષિ હવામાન સેવા સલાહ યોજના એ વિવિધ શાખાઓ અને વિવિધ સંસ્થાકીય યોજના છે. આ માટે ભારતીય કૃષિ

હવામાન વિભાગ ધ્વારા દેશના તમામ રાજયોના પદાધિકારીઓ/વૈજ્ઞાનીકોને આમંત્રીને દરેક રાજયમાં જીલ્લાકક્ષાની કૃષિ આબોહવાકીય સેવા સલાહ માટેની ચર્ચા વિચારણા કરવામાં આવે છે.

**માહીતીનો પ્રસારઃ-**

હવામાન આગાહીનો પ્રસાર નીચેના માધ્યમો ધ્વારા કરાય છે.

૧. રેડિયો, દુરદર્શન
૨. ખાનગી ટીવી અને રેડિયો ચેનલો
૩. વર્તમાનપત્રો
૪. ઈન્ટરનેટ
૫. અખિલ ભારતીય કૃષિ સંશોધન વિભાગ અને બીજી સંલગ્ન સંસ્થાઓ/ કૃષિ યુનિવર્સિટીઓ/ રાજયનો વિસ્તરણ વિભાગ /કેન્દ્રીય કૃષિ વિભાગો
૬. કૃષિ વિજ્ઞાન કેન્દ્રો
૭. દરેક અંતિમ ઉપયોગકર્તા સુધી આગાહીને વિના વિલંબે પહોંચાડાય છે.
૮. માહીતીમાં વ્યવહારૂ સુધારા સાથે સમયાંતરે ખેડૂતો/મેનેજરો સુધી પહોંચાડાય છે.
૯. તેને અંગ્રેજી તથા પ્રાંતિય ભાષામાં / સ્થાનીક બોલીમાં ખેડૂતોને સરજાય તે રીતે પ્રસારિત કરવામાં આવે છે.

**જિલ્લા અને ગ્રામ્ય સ્તરે માહિતીના પ્રસાર માધ્યમોઃ-**

જિલ્લા વિભાગ તેમજ ગ્રામ્ય સ્તરે અસર કારક પ્રસારણ કરવા માટે ઉપર દર્શાવેલ ઉપસ્થિત વિરસેલ માધ્યમો જિલ્લા ખેતીવાડી અધિકારીઓ અને દામુ વચ્ચે જોડતી કડીરૂપ છે.


*****



भाकृ अनुप
ICAR

NAVSARI AGRICULTURAL UNIVERSITY

# ગ્રામિણ કૃષિ મૌસમ સેવાનું ખેતીમાં મહત્વ



## કૃષિ વિજ્ઞાન કેન્દ્ર

**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**વઘઈ - ૩૯૪૭૩૦**
Email:- kvkwaghai@nau.in

વર્ષ : ૨૦૨૧ - ૨૦૨૨

પ્રકાશન નં.૧૨૬/૨૦૨૧-૨૨